શ્રી

ડાકોર શતમુખ યજ્ઞ

મહોત્સવ.

રચનાર

મહેતા અમરતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુન.

શ્રી ડાકોર તથા નર્મદા નિરાશ્રીત ગૌરક્ષક ફંડના

સ્થાપન કર્તા.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

સેક્રેટરી ચંદુલાલ બાપુલાલ ધરીયા. ડાકોર.

ગીતી.

જય જય જય [illegible] નારાયણ જગદીશ્વર જગત્રાતા

ઉદ્ધાર [illegible] સકળના, [illegible] અખિલેશ્વર પ્રભુ પિતાના

[illegible] કમાણી, [illegible] ગુણવાન [illegible],

[illegible] નહિ [illegible], અમર શિક્ષા અવિચળ ઉર [illegible].

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત [illegible] —{સર્વ હક્ક સ્વાધીન}— સને [illegible].

શ્રી 'સત્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમા શા. પ્રેમચંદ [illegible] તથા

[illegible] ગાંધીએ છાપ્યું. રીચીરોડ અમદાવાદ.

કિંમત એક આનો.

શ્રી ડાકોર નિરાશ્રીત ગોરક્ષક ફંડની ગૌશાળા યાને (પાંજરા પોળ.)

આ ગૌશાળા કે જે ચુનીલાલ અમરતલાલના વહીવટથી ચાલે છે તે છેલ્લા છપ્પનના દુકાળ પ્રસંગે બિચારાં નિરાધાર મુંગા પ્રાણીઓને પડતાં દુઃખ જોઈ ડાકોરના રહીશ મેહેતા અમ્રતલાલ અનોપરામ ઉર્ફે અહ્લાતુને ડાકોરમાં સ્ટેશન જવાની સડક ઉપર કંપાઉન્ડ રાખી સ્થાપી છે જેમાં સેંકડો જથાબંધ જીવો ગાય, વાછડાં, પાડા, આખલા, કુતરાં, ઘેટાં, મરઘડાં, કબુતર ઇત્યાદિ જીવોનું સંરક્ષણ થાય છે ને તેઓ પોતે તેની પૂર્ણ સંભાળ બરદાસ લેછે તથા યાત્રાળુ અને દયાળુ ગ્રહસ્થોની ઉદારતાથી તે કાર્ય ચલાવાય છે. અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોર્ટના જડજ પદમજી સાહેબ બહાદુર ડાકોર પધારેલા તેમણે આ ગૌશાળાના સ્થાપક અમ્રતલાલનું કામ જીવોનાં પર પૂર્ણ દયા બરદાસનું જોઇ સર્ટીફીકેટ આપ્યું છે તથા એ ઉદાર ગ્રહસ્થે તેમ બીજા ગ્રહસ્થોએ ધર્માદા રકમ આપી ટેકો કીધો છે. આ પાંજરાપોળમાં કાંઈ પણ રકમ લીધા શીવાય દુઃખી સુખી અપંગ જીવોને દાખલ કરી પાળવામાં આવે છે માટે ધરમાત્માઓને ખરૂં પુન્ય કરવાનું આ સ્થાન છે. જીવો પુષ્કળ છે પણ મકાન બંધાએલું નથી તેથી ગ્રહસ્થોએ તે પર લક્ષ લેવા જરૂરનું છે. ડાકોર ક્ષેત્રમાં આ સંસ્થા જરૂરી છે, **"अहिंसा परमो धर्म"** જીવોને બચાવવાનું તે મોટામાં મોટું પુન્ય છે. માટે દયાળુ ધરમાત્મા દાણા, રોકડ, કંસાર વિગેરે પોતાની શક્તિ અનુસાર આપી મદદ કરશો. આ ગાયોની પેટીમાં જે કાંઇ નાખશો તે તેનાજ ઉપયોગમાં વપરાય છે. ચાર આના અને તે ઉપરાંત આપનારને પહોંચ આપવામાં આવશે. અને તેનું નામ ગુજરાતી પંચના આગવાડીક અંકમાં પ્રગટ કરવામાં આવશે.

શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીયા.

ડાકોર શતમુખ યજ્ઞ મહોત્સવ.

આફ્લાતુન આનંદ વિજય.

આહાહા !! પરમાત્માશ્રી ડાકુરાધીશ રણછોડ રાયજીની અપાર લીલા જગતમાં પ્રકાશ પામી રહી છે, જ્યાં જોઇએ ત્યાં લીલા લહેર સંભળાય છે, અને હાલમાં સર્વ સ્થળે શાન્તિ શાન્તિજ પ્રસરી રહી લાગે છે, એ સર્વ પ્રકાર આ શ્રી ડાકુરાધીશનો છે.

વસન્તતિલકા.

આદ્યાવતાર ધરિત્રી રણછોડ રૂપ, ભાળે કૃની સકળની ભવતાર ભૂપ;
ભક્તોતણું સુખદ હીત સદા વિચારી, ડાકોર ગ્રામ વશિયા જન સુખકારી.
એમ રામકૃષ્ણ પરશીધર એજ રૂપ, એ ઇષ્ટ યજ્ઞ અતળી બળ જકત ભૂપ;
એ સત્ય શ્રેષ્ઠ સહુમાં રણછોડ જ્ઞાની, શ્રી ડાકુરેશ જગદિશ્વર સત્ય ધામી.

સદ્‌ભાગ્યની વાત છે કે આ ઘોર કલિના મહાન રાજ્યમાં પણ હાલમાં સત્યયુગનો સમય ચાલતો જણાય છે. આજે થોડાંક વર્ષો થયાં આપણા ભારત વર્ષમાં સર્વત્ર સદ્ધર્મ પ્રવૃત્તાયેલો જોવામાં આવે છે. જ્યાં જ્યાં નજર કરિએ છીએ ત્યાં ત્યાં જન સમૂહનાહૃદયમાં યથા ધર્મ વશેલો છે એમ સાબીત થાય છે. બાળયૌવન વૃદ્ધ એમ સર્વ લોક ધર્મ કાર્યમાં ઉત્સાહી થઈ રહ્યા છે. તેમજ લોકોનાં મન પરમેશ્વર ઉપર પ્રેમ શ્રદ્ધાવાળાં અને પોતાના ઇષ્ટધર્મ યથાવિધિ જાણવા ઇન્તેજાર બની રહ્યાં છે, અને ઠામ ઠામ આવા મહાન યજ્ઞો સત્પુરૂષોના હાથે થતા આપણે જોઇએ છીએ. ગયા વર્ષે આપણા ગુજરાત દેશમાં ઘણા યજ્ઞો થયા હતા. " મહારુદ્ર વિષ્ણુયાગ, શતમુખ યજ્ઞ, શહસ્રચંડી, અયુતચંડી, સોમયજ્ઞ " એમ ભાગ્યશાળી પુણ્યવંતા લોકો

તરફથી ઘણા યજ્ઞો થયેલા દેશમાં પ્રસિદ્ધ થયા છે. જેવા કે વણસોલ ગામના રહેનાર ત્રવાડી મેવાડા બ્રાહ્મણ જીવરામ ભટ્ટ તેમણે ગત સાલના માઘ માસમાં મહારુદ્ર યજ્ઞ વેદ વિધિસહ કરાવી પોતાની સમગ્ર જ્ઞાતિ ભોજન ત્રણ દિવસ પર્યન્ત કરાવ્યું હતું બીજો વિષ્ણુયજ્ઞ ડાકોર નિવાસી સાધુ મુકુન્દદાસજી સદ્દગુરૂ લાલદાસજીએ ઘણી શ્રદ્ધાથી ડાકોરમાં કીધો હતો. વળી વડોદરા તાબાના કોયલી ગામમાં ભક્તરાજ મનસુખરામે શતમુખ યજ્ઞ મહના ભર્યો કર્યો હતો. પવિત્ર નર્મદા કિનારે ચાણોદ ક્ષેત્રની સમીપમાં ગંગનાથ મહાદેવના સ્થાનમાં ત્યાંના બ્રહ્મચારિ મહારાજે મહારુદ્ર યજ્ઞ કર્યો હતો. વળી સુરત જીલ્લામાં પણ તેવા ત્રણ મહારુદ્ર યજ્ઞ થયા હતા. સિદ્ધપુર ક્ષેત્રમાં પણ યજ્ઞો થયા હતા. તેમજ સર્વથી મહાન યજ્ઞ સૌરાષ્ટ્ર દેશમાં આવેલા ગોંડલના મહારાજા સાહેબે અયુતચંડિ યજ્ઞ એક લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી કીધો હતો. એમ એકંદર પચ્ચીશ ત્રીશ યજ્ઞો ગુજરાત પ્રાંતમાંજ થયા સંભળાય છે.

યજ્ઞ એ જગત જીવોના જીવનનો આધાર અને સર્વ પ્રકારના સુખોનું બીજ છે, સર્વ પ્રકારના ઇષ્ટ ભોગોને આપનાર પ્રજાની ઉત્પત્તિ કરનાર અને અંતે સ્વર્ગનાં અચળ સુખ દેનાર યજ્ઞ સમાન બીજું કોઈ સાધન નથી.

इष्टान्भोगान्हिवोदेवा दास्यन्ते यज्ञ भाविताः ।
तैर्दत्तान प्रदायैभ्यो यो भुंक्तेस्तेन ए वसः ॥ गी. अ. ३-१२

અર્થ—યજ્ઞ કરવાથી પ્રસન્ન થયેલા દેવો તમોને ઇષ્ટ ભોગ આપશે, અને તમો તે દેવોને યજ્ઞો કરી બલિ આપો. દેવતાઓ તમોને સર્વ પ્રકારના ભોગોને આપનાર છે, તેથી તે આપેલા ભોગોનો બદલો નહિં આપતાં માત્ર દેવના આપેલા ભોગોને ભોગવે છે તે પુરૂષ ચોર છે.

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्व किल्बिषैः ।
भुंजतेतेत्वघं पापायेपंचत्यात्म कारणात् ॥ १३

અર્થ— યજ્ઞના શેષ અન્નનું ભોજન કરનાર સત્પુરૂષ સર્વ પાપોથી છુટી જાય છે, અને જેઓ પોતાના ઉદરપોષણ માટેજ અન્નને રાંધી તેનું ભોજન કરે છે, તે પાપી પુરૂષ કેવળ પાપનુંજ ભોજન કરનાર છે.

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्न संभवः ।
यज्ञाद्भवतिपरजन्यो यज्ञः कर्म समुद्भवः ॥ १४

અર્થ—અન્નવડે સર્વ ભૂત પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, તે અન્ન વરસાદથી પાકે છે. એ વરસાદ યજ્ઞોવડે વરસે છે, એટલે યજ્ઞવડેજ વરસાદ ઉત્પન્ન થાય છે, તેથી યજ્ઞોજ સર્વ સૃષ્ટિને ઉત્પન્ન કર્ત્તા છે.

આ શ્રુતિ પ્રમાણુથી સિદ્ધ થાય છે કે યજ્ઞ એજ સર્વ પ્રાણી માત્રને ઉત્પન્ન કરનાર અને સર્વ પ્રકારના સુખોના હેતુરૂપ છે. માટેજ શ્રુતિ ભગવતિએ બીજા સર્વ કર્મો કરતાં યજ્ઞ કર્મ ઉત્તમ ગણેલું છે.

ગઇ સાલ આપણા દેશમાં ઘણા યજ્ઞો થયા હતા, તેથી નિશ્ચય થાય છે કે ગત વર્ષે સર્વ ગ્રહો એક રાશીપર અનિષ્ટ ફળદાયક ગણાતા હતા. ધૂમકેતુ તારાનો ઉદય થયો એ પણ અનિષ્ટ ફળદાતા કહેવાતો હતો. તેમજ આખા વર્ષનાં ફળ માઠા સુકન દર્શાવનારા જણાવ્યા હતા, તેમજ લોકવાયકા પણ તેવીજ હતી કે આ સંવત ૧૯૬૬ ના વર્ષની ભયંકર છે, કાળ પડશે. તથા જોસી પંડિતો પણ તેવાજ સમાચાર અનેક પત્રોદ્વારા પ્રકટ કરતા હતા, તો પણ સર્વથી પહેલા વૈશાખ માસથી શરૂ થઈ વરસાદ આખા ચોમાસામાં અનહદ જળ વૃષ્ટિ કરી અતોલ અન્ન નિપજાવ્યું હતું; તેમજ જન સુખાકારી પણ સારી હતી. તેનું કારણ એજ છે કે યજ્ઞો ઘણા થયા હતા, તેથીજ જળ વૃષ્ટિ પુષ્કળ

થઇ હતી, અન્ન ઘણું નીપજ્યું હતું. અને સર્વ લોકોએ ઘણાજ સુખ માંસંવત ૧૯૬૬ નું વર્ષ વ્યતિત કીધુ હતું; એ સર્વ પ્રતાપ શ્રી યજ્ઞ નારાયણનોજ છે.

આ ચાલતા વર્ષમાં પણ કેટલાક યજ્ઞો થયા છે, અને થાય છે. તેમાં પણ સર્વથી મહાન્ યજ્ઞ આ વખતે પવિત્ર અને પુન્ય ક્ષેત્ર ડાકોર ધામ કે જે સાક્ષાત્ વૈકુંઠ ધામ ગણાય છે, અને જ્યાં દૂર દેશના લોકો યાત્રાર્થે આવી શ્રી ગોમતી ગંગામાં સ્નાન કરી વૈકુંઠવાસી ભગવાન શ્રી રણછોડરાયજી મહારાજનાં દર્શન કરી પોતાનાં સર્વ પાપોથી મુક્ત થાય છે, તેવા સ્થાનમાં મુક્તપદ અભિલાષિ નૈષ્ટિક બ્રહ્મચારિ મહારાજ શ્રી ઇશ્વરાનંદ સદ્ગુરૂ સચ્ચિદાનંદજીએ આ અની સૌભાગ્યદર્શક મહાન યજ્ઞ એક પક્ષ સુધી અખંડ હોમ ચાલે તેવો મહાન્ વિદ્વાન અને અનુભવિક યાજ્ઞિક આચાર્ય શ્રી તથા બ્રહ્માપદધારક પંડિતશ્રી

તથા ઋત્વિજ, અધ્વર્યુ હોતા આદી વિદ્વજ્જનોના સંપૂર્ણ સદ્ભાવના પરિશ્રમથી વેદવિહિત વિધિસહ આ શતમુખ યજ્ઞ ચાલુ છે. તે પણ આપણા દેશને અખંડ સૌભાગ્ય સુખ આરોગ્યતા અને જગ વૃષ્ટિ આદી સર્વ મનો કામના સિદ્ધ કરી આપણ સર્વ ભાઇઓને સંપૂર્ણ સુખ સંપતિ દાતા થશે, એમ અમો માનીએ છીએ. અને યજ્ઞ નારાયણ સ્વરૂપ શ્રી રણછોડરાયજી મહારાજની પ્રાર્થના કરીયે છીએ કે આ યજ્ઞ નિર્વિઘ્ન અને અતિ ઉત્સાહ સહિત વિજય પામો; અને સર્વજનોને ઇષ્ટ ભોગના દાતા હોઇ સુખ સંપત્તિવાન બનાવો ! તથાસ્તુ ! !

દોહરો.

પાવન સ્થળ ડાકોરમાં થાય યજ્ઞ શત મુખ,
જય જય વરત્યો જનવિષે ઉપન્યું અંતર સુખ. ૨
બ્રહ્મચારિ ભાવિક અધિક પાવન પૂર્ણ હમેશ,
કરે યજ્ઞ શ્રદ્ધા ધરી પામી શ્રુતિ ઉપદેશ. ૩

નામ ઇશ્વરાનંદ છે ગુરૂ સચ્ચિદાનંદ,
યજ્ઞ તણા યજમાનએ શુભકર્મે આનંદ. ૪
ધર્મ પંથ ધારણુ કર્યો કરવા અતિ ઉપકાર,
શત મુખ યજ્ઞારંભમાં વરતાયો જયકાર. ૫
પરમ પુણ્યનું કાજ આ સુખ હેતુ સાક્ષાત,
ભય વ્યાધી શાન્તી કરણુ યજ્ઞ કર્મ વિખ્યાત. ૬
અન્ય કર્મ કોટિક કરે યજ્ઞ સમુંનવ હોય,
યજ્ઞ અધિક ફળ આપશે સુખ સંપતિ શુખ સોય. ૭
આશિષ અમૃતલાલની હોજો ક્ષેમ કલ્યાણ;
વિજય વિજય યશ વાધે જો શતમુખ યજ્ઞ પ્રમાણ. ૮

इति शुभम्.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

સૃષ્ટિની ઉત્પત્તિ આદ્ય સમયે યજ્ઞો થકી તો થઇ,
ભોગે ભોગ વિલાસ માનવ સહુને સ્થીર ભોગી રહી;
પ્રાણી ભૂત સમસ્ત જક્ત સહનું તત્વાર્થ યજ્ઞો વિષે,
એવા યજ્ઞ સ્વરૂપ દષ્ટિ જગના આનંદકારી દિસે. ૧
આહૂતી હવિદ્યાન્ન શ્રેષ્ઠ ગ્રહિને આપે સુખો સર્વદા,
ભૂતો પંચ સમસ્ત શુદ્ધ કરતા ના કષ્ટ આવે કદા;
નારાયણ શુભ યજ્ઞદેવ અધિકા શ્રીયજ્ઞકુંડે વસે,
એવા યજ્ઞ સ્વરૂપ ઇષ્ટ જગના આનંદકારી દિસે. ૨
છે મોટું શુભ કર્મ સ્વર્ગ પદને પ્રાપ્તી કરાવાતણું,
આ લોકે સુખકાર શ્રેય સહુમાં ને પુણ્યવંતુ ઘણું;
યજ્ઞોથી સહુ દેવ ઇન્દ્ર સરખા રીઝે રૂડા સ્નેહથી,
યજ્ઞે સ્થીત વસ્યા દિસે જગધરા નારાયણા નેહથી. ૩
આ સંસાર ભવાબ્ધિ તારક હરિ શ્રીયજ્ઞનારાયણા,

પૂજે પ્રેમ અપાર દૃષ્ટિ મુનિયો જ્ઞાની તપસ્વી ઘણા;
વેદોમાં વિસ્તાર પૂર્ણ કરિયો શ્રુતી ગણે શ્રેષ્ટના,
રીઝે સૂર સમસ્ત ઇષ્ટ બળિથી સંતુષ્ટ પામી સદા. ૪
વૃદ્ધિ થાય વિશેષ ભોમિ સહુમાં અન્નો અતી નીપજે,
પામે ભોગ પ્રતાપ વિશ્વ વિધના ને દેહ પાપો તજે;
વ્યાધિવીણુ શરીર હોય જનનું આરોગ્ય કીર્તિ મળે,
કોટી જન્મ કુકર્મ કલેશ તજતાં શ્રીયજ્ઞસ્વામી બળે. ૫
આ સંસાર તરાય યજ્ઞ નિરખી વેદદ્દની સૂણુતાં,
સ્વાહા મંગળ મંત્ર શ્રેષ્ઠ વિચરે પાવન ગાત્રો થતાં;
આહુતી તણિ ધૂમ્ર સ્હેજ અડતાં આનંદ વ્યાપે અતી,
ભાનુને નભ મંડળે પ્રસરતી શુદ્ધી કરે સર્વની. ૬
એવો ઇષ્ટ પ્રતાપ યજ્ઞ સહુમાં સૌ કર્મથી શ્રેષ્ઠ છે,
બીજા કોટી ઉપાય કર્મ અધિકાં યજ્ઞો થકી નેષ્ઠ છે;
વેદો તત્વ વિચારી યજ્ઞ પ્રભુની સ્તુતી કરે સર્વદા,
સૃષ્ટિમાં સુખકાર યજ્ઞ સહુથી આનંદકારી સદા. ૭
જેના પુર્ણ પ્રતાપથી વસુધરા છે સ્થીર શાન્તી ભરી,
વાયુ વારિ પવિત્ર હોય જગમાં સૂચી સુગંધી ભરી;
ભાનુને શશિ વ્યોમ સ્થિર વશિયા તે યજ્ઞ પ્રતાપથી,
યજ્ઞો શ્રેષ્ઠ અભીષ્ટ કારિ જગમાં અમૃતવૃષ્ટિ થતી. ૮

અમૃત આનંદ વિજય.

વસન્તતિલકા વૃત્ત.

ડંકાર ધામ રચિ છે રૂડી યજ્ઞશાળા,
ભેળા મળ્યા દ્વિજવરો શુભ જ્ઞાનવાળા;
વિદ્વાન્ લોક સહુ આનંદ ઉર ભાસે,

દેખી દિસે અધિક હર્ષ પુરો પ્રકાસે. ૯
સ્વાહા વેદ સકળ ઋત્વિજ જન્ન જ્યાંહી,
પોંચે દૂની પ્રબળ એ શુભ વ્યોમ માંહી;
સૂરો ઘરે હરખ યજ્ઞ બલી ગ્રહીને,
આનંદ ઉર પ્રસરે જન આ વહીને. ૧૦
વેદાદૂની અધિક ગર્જતિ અભ્ર માંહી,
ભાનુ શશી વિમળ મંડળ શુદ્ધ ત્યાંહી,
આહૂતિ પામીં ઘૃત જ્વાળ પ્રકાશતી છે,
વ્યાપી સુગન્ધ સઘળે ભુમિ ઉજ્વલી છે. ૧૧
હોમાય કુંડ મહિતો યવ તીલ ભારી,
ધારા પડે ઘૃતતણી જન સુખકારી;
કુંડો રચ્યા શત ત્યહાં વળિ વન્હિ સ્થાપે,
ઋત્વિજ પાંચ શત આહુતિ સર્વ ... ૧૨
બાંધ્યો વિશાળ શુભ મંડપ તેહ સ્થાને,
બેઠા ત્યહાં દ્વિજવરો સુરની સમાને;
થાયે અધિક શુભ સામતણુંજ ગાન,
સોપાન સ્થાન દિસતાં સુરનાં વિમાન. ૧૩
ગાન્ધર્વ ગાન કરતા વશિ વ્યોમ માંહી,
વિદ્યા ધરો વિવિધ વેશ સજાવિ ત્યાંહી;
વાનો વિચિત્ર નયમાં શુભ વાદ્ય સંગ,
નૃત્યો કરે રશિક કિન્નર જોડી રંગ. ૧૪
પંક્તી દિસે દ્વિજ તણી સુરના સમાણી,
હુત દ્રવ્ય હાથ ગ્રહિને મુખ વેદ વાણી;
કુંડો સમગ્ર મહિ અગ્નિ અતિ પ્રકાસે,
વિદ્યુત માળ સમ મંડપ શ્રેય ભાસે. ૧૫

હોમાય તીલ ઘૃતને યત્ર અતિ ભારી,
થાયે પ્રસન્ન નિરખી નર તેમ નારી;
પામે નમે સકળ લોકજ પ્રેમ ધારી,
ભારી ભક્ત હરખે ઉરમાં અપારી. ૧૬

દોહરા.

ચૈત્ર શુક્લ નવમીદિને રામ જન્મ ઉત્સાહ,
આરંભાયો યજ્ઞ આ વદે લોક મુખ વાહ. ૧૭
યજ્ઞ તણા આચાર્ય જે બ્રહસ્પતી સમ જેહ,
પંડિત શિવશંકર દિસે પ્રભુરામ સુત તેહ. ૧૮
પંડિત મહાશંકર વળી સંતોષરામના સુત.
યાજ્ઞિક યજ્ઞ કરાવવા યોગ્ય પુરૂષ અદ્‌ભુત. ૧૯
બ્રહ્માને આચાર્ય થઇ અહીં શ્રેષ્ટના સાર,
શિરઃ ધ્યાનથી યોજના ઉત્તમ નિજ અધિકાર. ૨૦
ગત વર્ષે કાયલિ વિષે શતમુખ યજ્ઞ કરનાર.
મનસુખરામ શુભ ભક્ત તે આવ્યા યજ્ઞ મોઝાર. ૨૧
વિશાળી શુભ મંડપ રચ્યો કીધા છે શત કુંડ,
એક કુંડ પાછળી વળી ત્રણ લઘુ કુંડે ઝુંડ. ૨૨
એક એક કુંડે વસ્યા હોતા બ્રાહ્મણ પાંચ,
પાંચશત વિપ્રો વરણમાં બેઠા ધરિ તન આંચ. ૨૩
સ્વર્ગતણા સુર સકળ જે કર્યું નિમંત્રણ આજ,
બોલાવ્યા વિધિ મંત્રથી યજ્ઞ દર્શનને કાજ. ૨૪

મનહર છંદ.

જાણી આ મહાન કાજ શતમુખ યજ્ઞ તણું,
દરશન કરવાને આવે લોક દોડતા;
નિહાળી નિહાળી રૂડી રચના મંડપ તણી,

3379

યજ્ઞ નારાયણને સરવ હાથ જોડતા.
સભા બ્રહ્મ સરિખી છે બ્રાહ્મણ તણી અપાર,
નમી નમી પાય લાગે મન મેલ મોકતા;
ભાખે અમરતલાલ આનંદ આનંદ વ્યાપ્યો,
યજ્ઞને નીરખવાને લાખો લોક દોડતા. ૨૫
ધ્વજાને પતાકા રૂડા મંડપ ઉપર છાજે,
તોરણ બાંધ્યાં છે ચારે બાજુ તો શોભાય છે;
જાણે મુનિજન તણા યજ્ઞશાળા છે અપાર,
સહસ્ત્ર મુખથી વેદ વાણી ઉચરાય છે.
નભ મંડળેથી જયકાર શબ્દ સંભળાય,
સુરલોક થકી વૃષ્ટિ સુમનની થાય છે;
કહે અમરતલાલ આનંદ આનંદ દિસે,
નરનારી તણાં નેહે મુખ મલકાય છે. ૨૬
મેદની ચલી છે યજ્ઞ કાજ અતી લોક તણી.
જય જય વદે યજ્ઞ નારાયણ મુખથી:
ઉરમાં અપાર શ્રદ્ધા ધારી નરનારી સહુ.
નિરખે નયન નેહે યજ્ઞશાળા સુખથી.
આપે યજ્ઞ કારણે મદદ મતિવાન જન.
અનેક જન્મ તણા છુટે ભવ દુઃખથી;
કહે અમરતલાલ એથી છે અધીક પુણ્ય,
યજ્ઞ કરનાર જાયો ધન્ય માતા કુખથી. ૨૭
કોટીક કરમ બીજાં નહી યજ્ઞની સમાન,
તન ધન સુખને પ્રભુતા પુરી આપશે;
જગમાં અભય સુખ યશ અતી પામે એહ,
યજ્ઞ નારાયણ તેનાં કોટી દુઃખ કાપશે.

યજ્ઞનાં દર્શન થાય વળી ભજાતા દેખાય,
તરે આખુ કુળ તેનું યજ્ઞ જાપ જાપશે;
કહે છે અમૃતલાલ શાસ્ત્રનું સિદ્ધાંત ભાખુ,
તેવા નર નાણું પુણ્ય મોટા નહી માપશે.

ભુજંગી વૃત્ત.

રૂડા સુદિને યજ્ઞ આરંભ કીધા, મહાભાગ્ય જેનુ રૂડો લાભલીધા;
પ્રભુ રાજી કરવા રૂડુ યજ્ઞ કર્મ, કલિમાં અતી શ્રેષ્ટ એ શુદ્ધ ધર્મ. ૨૯
મહાકાર્ય આપૂર્ણ ભાવેથી થાશે, ખરે નિર્ખતાં દુષ્ટ કર્મો પળાશે.
અહો પુણ્યનો પંથ આ શુદ્ધ જાણો, ધરી સ્નેહ સાચો પુરો ભાવ આણો.

મંદા ક્રાન્તા વૃત.

ભાળોભાઇ અનુપ રચના યજ્ઞ કેરી અપારી,
જોતાં સર્વે જનમ સુધરે ભાગ્ય સંપૂર્ણ ભારી,
આનો કો ... સુખદા આવવો દોહિલો છે,
માટે લેજો અધિકઉરથી લ્હાવ આ દેહનો છે. ૩૧
રૂડા સ્થાને યગન રચિયો નિર્થ ડાકાર માંહી,
સ્વામી સાચા જગત સહુના રાય રણછોડ જ્યાંહી;
પુણ્યાત્મા આ સકળ ભુમિ છે યજ્ઞને યોગ્ય સારી,
પોતે વશિયા જગતપતિજે આપ શ્રી ગીરધારી. ૩૨

દોહરા.

રમો જમો રળિયાત થઈ કરો યજ્ઞ દર્શન,
શ્રદ્ધા ધારી પૂજતાં થાશે પ્રભુ પ્રસન્ન. ૩૩

અમૃત લાલતણી દિસે વાણી અમૃત તુલ્ય,
પરમાથ કામો કરો અવસર દિસે અમૂલ્ય. ૩૪

શતમુખ યજ્ઞ સમુ દિસે ધો પાસનનું પુણ્ય,
અધિક અધિક મહિમા કહે વેદ શાસ્ત્ર સહુ મુન્ય. ૩૫

પૂર્વ થકી પણ યજ્ઞમાં થાય ઉપદ્રવ આપ,

રાક્ષસ યજ્ઞ વિષેકરે અધિક વિઘ્ન પરિતાપ. ૩૬
આયર્નપણ વિઘ્ન બહુ આવ્યાં દિસે અપાર,
પણ શ્રી હરિ પ્રતાપથી ઉતરિયા તે પાર. ૩૭
થશે યજ્ઞ નિર્વિઘ્ન મય કૃપા રાય રણછોડ,
પ્રતાપથી પૂરણ થયાં પહોંચ્યા મનના કોડ. ૩૮
દયા શંકર શુભ નામના બ્રાહ્મણ પાવન જાન,
યજ્ઞ કાજ શિરપર ધર્યું કરવા યશ વિખ્યાત. ૩૯

અફલાતુન સુકર્મ નિરિક્ષા.

ગૌશાળા પ્રબન્ધ.

ગીતી.

જન મન મંગળ ચાહો, ગાયો કેરી સેવ સદા કરજો;
પાપ શિરે પગ દઇને ચઢી વિમાને સ્વર્ગે સંચરજો. ૧

શ્રેયકૃતાર્થ.

સવૈયા. લાવણી ચાલ.

હું ડાકોર નિવાસી દ્વિજવર નામ મેં અફલાતૂન ધર્યું.
તન મન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ટેક.
આગા વય પરદેસ ગુજારી દક્ષ મુલકમાં હું ફરિયો,
મહારાષ્ટ્ર સૌરાષ્ટ્ર માળવા દેખ્યો ચોદિશનો દરિયો;
કોકણ કચ્છ કલંજર કોટા કર્ણાટક કાશી વિચર્યો,
ભાત ભાતના લોક નિહાળ્યા પ્હાડ પશુથી નવ ડરિયો.
અધિક મળ્યા ધનવાન જગતમાં અંતર મુજનું નહી હર્યું,
તનમન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ૨
ઉત્તર ખંડ હિમાલય દેખ્યો કાશ્મીર પંજાબ ફર્યો,

અમૃતસર મુલતાન અને લાહોર જતાં પણ નહિ ડર્યો;
હરદ્વાર ને લક્ષ્મણ ઝોલા બદ્રીકાશ્રમ સર્વ ફર્યો,
શેતુબંધ રામેશ્વર દેખ્યાં, સર્વ મુલક સંધાન કર્યો.
કરિ મુસાફરી સંકટ સૈયાં તત્વ ધર્મનું તત્ર ભર્યું,
તન મન ધન અર્પણ કરિએમાં ગોરક્ષાનું કાર્મ કર્યું. ૨
સત્ય ધર્મમેં શ્રેષ્ટ વિચાર્યો ગોરક્ષા કરવી મ્હારે,
સર્વ થકી એ પુન્ય અધિક છે અડસટ તીરથ ફળ ભારે;
એહ સમો નહિ અધિક ધર્મ છે કરિ અમૃત જીને હારે,
તોપણ ગોધન પાળું ઘટથી સાચા સોગન છે મ્હારે.
દુઃખ દેખ્યાં ગોમાતા કેરાં તેથી માહરૂ દીલ ડર્યું,
તન મન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ૩
વડિલ પિતાની પુંજી સરવ મેં ગાયોને અર્પણ કીધી,
સહુ સંસાર તજ્યો મેં હાથે અલખ ફકીરી મેં લીધી;
જાણું ગુરૂજન ગાય હમારી અમૃત દિક્ષા તો દીધી,
દેહ ધર્યો મેં ગાયો માટે પચલી પીધી તે પીધી.
જીવિત સુધિ સોગન એ પાળું અખુટ ધન ભંડાર ભર્યું;
તનમન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું ૪
છપન સાલ દુકાળ ભયંકર કોટિ ગાય મરતી ભાળી,
અંતરમાં બહુ દયા ઉપની ગોધિનું મરતી ખાળી;
ભૂખ દુઃખથી દીન બનેલી ઘણી ગાય મેં તો પાળી,
ગોશાળા ત્યાં સ્થાપિ ત્યારથી પીડા પણ તેની ટાળી.
હું જાણું ગો સેવા કરતાં મનુષ્ય દેહનું કાજ સર્યું,
તન મન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ૫
જ્યાં રાજા રણછોડ બિરાજે ઠાકુર નગર દિસે સારૂ,
ગોશાળા ગાયોને રહેવા કીધું સ્થાન ત્યાંહી પ્યારૂં;
ખાય પીએ આનંદ કરે છે ગાયરૂપ ધન છે મ્હારૂ,

ઇચ્છા અમૃતલાલ તણી કે મળે ગાયને સુખ સારૂ;
ધાર્મિક જન બહુ ધર્મ જાણિને ઘાસ દાણ ઘરમાંહિ ભર્યું,
તન મન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ૬

ગાય પ્રતાપે ગુણવંત બનિયો ડકોર નગર અનૂપમ છે,
યાત્રા વાસી આવે સર્વદા ધર્મિકજન ગો પોષક છે;
ખાય ઘાસ દાણો ગોમાતા અધિક અચરજ લાગે છે,
લોકો સર્વ જુએછે આવી કોધન ધાન્યજ આપે છે.
ગાયમાતની સેવાનું ફળ સમજી સુકૃત સફળ ભર્યું;
તન મન ધન અર્પણ કરિ એમાં ગોરક્ષાનું કામ કર્યું. ૭

સનમુખ યત્ન થકી ફળ ઝાઝું ગાય તણું પોષણ કરતાં,
આલોકે સુખ હોય અધીકું અંતે વૈકુંઠ વીચરતાં;
ગો માતા આશીષ આપતાં પાપ દુઃખથી હરતાં,
પામે પ્રેમદા સુત સુહાગી અખૂટ દોલત [illegible] [illegible];
પ્યારેલાલ તણું એ કારજ ગાયોમાં મુજ મન ઠર્યું,
તન મન ધન અર્પણ કરિ એમાં ગો રક્ષાનું કામ કર્યું. ૮

આફલાતુન સાહસ પરિવર્તન.

સુભેચ્છા.

ગીતી.

જનમ ધર્યો જગમાંહી સફળ થયો સહુ કરતાં ગો સેવા,
જોવન નિરખી હરખું દિન દિન પામે અમૃત ફળ મેવા. ૯

સવૈયા.

ગાય તણી સેવા કરતાં મેં ઉમર આખિ ગુમાવી આપ,
શહસ્ત્ર પશુ સંતોષે નિશદિન એ રાજા રણછોડ પ્રતાપ;
હું તો છેક ગરિબ છું બ્રાહ્મણ પૂરણ કોણ કરે આ કાજ,
શિરપર મારે સમરથ મોટા શ્રી રણછોડરાય મહારાજ. ૧૦

રૂવ હજારો પળે પ્રભુથી ગાયો ઘાસ દાણા બહુ ખાય.
ટેક ધરેલા પાળે પ્રભુજી જો અંતર નિષ્કપટી થાય:
મુજ અંતર છે શુદ્ધ સર્વદા ટેક મુજનો પાળે ઈશ.
કેટે દિનથી ચાલે ગૌશાળા ટેક પળાવે શ્રી જુગદીશ. ૧૧
હજુ નૂતનતા એક વાતની ખુલ્લું છે ગાયોનું સ્થાન,
શીત ગ્રીષ્માનાં કષ્ટ સહે છે કોઈ વિચારો બુદ્ધિવાન:
પરમ પુણ્ય આ કારજ માંહી ગાયોને સુખ અતી થનાર.
ગાયોનાં સંકટ હરવાને કોઈ નીકળો દિલ દાતાર. ૧૨
ચોરીમાં જાયે ધન જ્યારે કે અગ્નિમાં બળે સમસ્ત.
કદી રાજ્ય દંડ ભય પામે કે જળમાં ખેંચાવે વસ્ત:
અહો નહે તન વ્યાધી જાગે વૈદ્ય ખાય છે ધન અપાર.
માટે ધનને હાથે ખરચો આંખે ભાળી સત્ય પ્રકાર. ૧૩
ગાયોને રહેવાને કે મકાન કેરી અતી જરૂર,
કરો વિસામો ગાયો માટે કોઈ નીકળો સબળા શૂર.
અધિક પુણ્ય છે એવા કાર્યમાં ગાયોનાં સુખ કરીકો આપ.
નિજ હાથે ખરચી યશ પામો વાધે જગમાં પૂર્ણ પ્રતાપ. ૧૪

દોહરા.

ગાયોનાં સંકટ લહી જાગો કો ધનવાન,
દયા કરી દિન પશુ તણી બાંધો આશ્રમ સ્થાન. ૧૫
પરમારથ આ કામ છે ગાય સુખને કાજ.
અમો અધિક ઉપદેશિયે સહાય થશે મહારાજ: ૧૬
વાણી અમૃતલાલની અમૃત તુલ્ય અમૂલ્ય.
સુલભ પંથ ધન વાપરો રખે કરો કો ભૂલ. ૧૭
આજ દુનિયાંમાં અધિક ઠગ લોકોનું જોર.
ઠગાય નહિકો માનવી અહો પંથ શુભ ધોર. ૧૮